# મોદીનું જાપાનમાં શાનદાર સ્વાગત



## સંરક્ષણ, નાગરિક પરમાણુ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઘણી સમજુતી કરાશે

ટોકિયો,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે જાપાનની હાઈ પ્રોફાઈલ અને ઐતિહાસિક યાત્રાએ રવાના થયા બાદ ભારતીય સમય મુજબ બપોરે ૧:૩૦ વાગ્યે ઓસાકા આંતરરાષ્ટ્રીય વિમાની મથકે પહોંચી ગયા હતા. અહીંથી તેમની જાપાન યાત્રાના પ્રથમ તબક્કાની શરૂઆત થઈ ગઈ હતી. આશરે પાંચ મિનિટ સુધી વિમાની મથક પર રોકાયા બાદ સઘન સુરક્ષા વચ્ચે મોદીનો કાફલો ક્યોટો માટે રવાના થયો હતો. જ્યાં જાપાનના વડાપ્રધાન શિંજો અબે પહેલાથી જ ઈન્તજાર કરી રહ્યા હતા. પ્રથમ તબક્કામાં ક્યોટોમાં સ્માર્ટ સિટીના અનુભવને સમજવા માટે તેઓ પહોંચ્યા હતા. મોદી અને જાપાનના વડાપ્રધાન શિંજો વચ્ચે આવતીકાલે ટોકિયોમાં ઐતિહાસિક શિખર બેઠક થશે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની ભારતીય પેટાખંડ બહારની આ પ્રથમ યાત્રા છે. મોદીની સાથે એક ડઝનથી વધુ ભારતીય ઉદ્યોગપતિઓ પણ પહોંચ્યા છે. મોદીની યાત્રા પર તમામ વિશ્વના દેશોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મોદીની આ યાત્રા અનેક દ્રષ્ટિએ ખુાબ મહત્વપૂર્ણ છે. મોદીની ઐતિહાસિક યાત્રા દરમિયાન સંરક્ષણ અને નાગરિક પરમાણુ સેક્ટરમાં અનેક સમજુતી પર બન્ને દેશો હસ્તાક્ષર કરે તેવી શક્યતા છે. મોદી જાપાનની યાત્રા દરમિયાન અનેક કાર્યક્રમમાં ભાગ લેનાર છે. દ્વિપક્ષીય સંબંધોના ભાગરૂપે વીઝા, વેપાર અને અન્ય તમામ ક્ષેત્રોમાં સંબંધને વધુ મજબુત કરવા ઉપર ભાર મુકવામાં આવશે. મોદીની યાત્રાને લઈને જાપાનમાં પણ હાલ તૈયારી ચાલી રહી હતી. પાંચ દિવસની તેમની યાત્રા દરમિયાન મોદીના એજન્ડાને પહેલાથી આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. સંરક્ષણ અને નાગરિક પરમાણુના ક્ષેત્રમાં સહકાર અને દ્વિપક્ષીય સંબંધોમાં નવા પ્રકરણની શરૂઆત થશે. તેમની પાંચ દિવસની યાત્રાના પ્રથમ તબક્કામાં મોદી જાપાનના સ્માર્ટ શહેર ક્યોટો પહોંચ્યા હતા. જ્યાં મોદીએ ભારતમાં ૧૦૦ સ્માર્ટ શહેરો ઉભા કરવાના સંબંધમાં વધુ માહિતી એકત્રિત કરી હતી. મોદીની



યાત્રા દરમિયાન ઈન્ફ્રાસ્ટકચર વિકાસમાં પણ કેટલીક સમજુતી થાય તેવી વકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે જાપાનની ઐતિહાસિક યાત્રા પર રવાના થયા હતા.

આ યાત્રા દરમિયાન અનેક ઐતિહાસિક પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવનાર છે. જાપાન સાથે ભારતના સંબંધો પહેલાથી જ મજબુત રહ્યા છે. ખાસ કરીને મોદીના સંબંધો જાપાન સાથે રહેલા છે. કારણ કે ગુજરાતમાં જાપાનની અનેક કંપનીઓ સક્રિય રહેલી છે. મોદીની જાપાનની પ્રથમ બેઠકને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.મોદીએ થોડાક દિવસ પહેલા બ્રિક શિખર બેઠકમાં હાજરી આપવા માટે બ્રાઝિલ ગયા હતા અને ભુટાણ અને નેપાળ જેવા દેશોમાં પણ ગયા હતા. પરંતુ પ્રથમ વખત મોદી એક ઉદ્યોગ ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવનાર જાપાનની યાત્રાએ ગયા છે. જેથી તેમની સાથે મોટી સંખ્યામાં દેશના ઉદ્યોગપતિઓ પણ ગયા છે.મોદીની સાથે જાપાન જનાર ઉદ્યોગપતિઓ અને કારોબારીની સંખ્યા ૫૦ જેટલી છે. જેમાં રિલાન્સ વડા મુકેશ અંબાણીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમની સાથે ટોચના લોકો છે. જેમાં સુનિલ ભારતી મિત્તલ, અજીમ પ્રેમજી, સુનિલ શ્રીવાસ્તવ, દિનેશ કે શરાફ કિરણ મજુમાદાર, ચંદા કોચરનો પૅણ સમાવેશ થાય છે. આવતીકાલે બન્ને દેશો વચ્ચે વેપાર બેઠક થશે.

### મોદી ઓસાકા એરપોર્ટ પર પાંચ મિનિટ રોકાયા

### ઐતિહાસિક યાત્રાની સાથે-સાથે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનના પાંચ દિવસના આ પ્રવાસ દરમિયાન તેઓ મોટા એજન્ડા સાથે આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. નરેન્દ્ર મોદીની જાપાનની ઐતિહાસિક યાત્રાની સાથે-સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- મોદી ભારતીય સમય મુજબ બપોરે ૧:૩૦ વાગ્યે ઓસાકા વિમાની મથકે પહોંચ્યા
- યાત્રાના પ્રથમ તબક્કામાં ઓસાકા પહોચ્યા બાદ વિમાની મથકે પાંચ મિનિટ રોકાયા
- વિમાની મથકે પાંચ મિનિટના રોકાણ બાદ સઘન સુરક્ષા વચ્ચે મોદીનો કાફલો ક્યોટો જવા માટે રવાના થયો
- ક્યોટોમાં મોદીનું જાપાનના વડાપ્રધાન દ્વારા સ્વાગત કરાયું
- મોદીએ ક્યોટોમાં જાપાનના સ્માર્ટ શહેર અંગે માહિતી એકત્રિત કરી
- ભારતમાં ૧૦૦ સ્માર્ટ શહેરના નિર્માણની કલ્પનાને ધ્યાનમાં લઈ મોદીએ જાપાનના અનુભવોને નિહાળ્યા
- ૨૦૦૭ અને ૨૦૧૨માં મોદી જાપાની લોકોના દીલ જીતી ચુક્યા છે
- આ ગાળા વેળા મોદીએ બુલેટ ટ્રેનની વ્યવસ્થા જાણવાના પ્રયાસ કર્યા હતા
- મોદી ઉચ્ચ સ્તરીય બેઠકોની સાથે-સાથે જાપાનની ટેકનોલોજીમાં ખાસ રસ ધરાવે છે
- ભારત ફોર્જના ચેરમેન બાબા કલ્યાણી આવતીકાલે ઈન્ડિયા જાપાન બિઝનેસ લીડર ફોરમ હેઠળ મળનારી બેઠકનું નેતૃત્વ કરનાર છે
- ભારત અને જાપાન વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા યુગની શરૂઆત કરવામાં આવશે
- મોદીની પાંચ દિવસની યાત્રા દરમિયાન સંરક્ષણ, નાગરિક પરમાણુ સેક્ટર સહિત વિવિધ ક્ષેત્રોમાં અનેક સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવશે
- મોદીની સાથે ઉચ્ચસ્તરીય પ્રતિનિધીમંડળ પણ રવાના થયા હતા
- મોદી અને શિન્ઝો વચ્ચે આવતીકાલે ટોકિયોમાં શિખર બેઠક યોજાય તે પહેલા તમામ તૈયારી
- મોદી જાપાનના લોકોના દિલ પહેલાથી જ જીતી ચુક્યા છે
- મોદીની સાથે ઉચ્ચસ્તરીય પ્રતનિધીમંડળમાં મુકેશ અંબાણી, શશી રઈયા પણ સામેલ છે
- મોદીની હાઈ પ્રોફાઈલ યાત્રા પર માત્ર ભારતની જ નહી બલ્કે વિશ્વની નજર કેન્દ્રિત થઈ
- આવતીકાલે બન્ને દેશો વચ્ચે બિઝનેસ લીડર્સ ફોરમની પણ બેઠક યોજાશે

## બદનક્ષી કેસ : શીલા દીક્ષિત પર ત્રણ લાખનો દંડ લદાયો

નવીદિલ્હી, તા. ૩૦

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત ઉપર બદનક્ષીના કેસમાં કાર્યવાહી દરમિયાન અદાલતે આજે ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ભાજપના નેતા વિજેન્દર ગુપ્તા દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલા બદનક્ષીના કેસમાં કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવામાં નિષ્ફળતા બદલ નવી દિલ્હીમાં કોર્ટે શીલા દીક્ષિત ઉપર આ દંડ ફટકાર્યો હતો. શીલા દીક્ષિત ઉપર આ કેસમાં બીજી વખત દંડ લાદવામાં આવ્યો છે. હાજર નહીં રહેવા બદલ અગાઉ શીલા દીક્ષિત ઉપર પાંચ હજાર રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો હતો. દંડની રકમ આ વર્ષે જાન્યુઆરીમાં શીલા દીક્ષિત દ્વારા જમા કરવામાં આવી હતી. આજે શીલા દીક્ષિત ઉપર દંડ લાદતા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ નેહાએ આદેશ આપ્યો હતો કે, ત્રણ લાખ રૂપિયા પૈકી બે લાખ રૂપિયા દિલ્હી સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી સમક્ષ જમા કરાવવાના રહેશે જ્યારે એક લાખ રૂપિયા ગુપ્તાને આપવામાં આવશે. કોર્ટે ૨૦મી ડિસેમ્બરના દિવસે મામલામાં સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

હવે ૨૦મી ડિસેમ્બરે જ શીલા દીક્ષિતને હાજર થવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. મંગળવારના દિવસે શીલા દીક્ષિતે કેરળના રાજ્યપાલ તરીકે રાજીનામુ આપ્યું હતું. અંગત હાજરીમાંથી મુક્તિ આપવાની માંગ કરીને શીલા દીક્ષિતે કોર્ટમાં અપીલ કરી હતી. કેટલાક રાજકીય કામના કારણસર તેઓ વ્યસ્ત છે તેવા આધાર પર એક દિવસની રાહત આપવાની માંગ કરવામાં આવી હતી. જો કે, આ અરજીનો ગુપ્તાના વકીલે વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, શીલા દીક્ષિતને શનિવારના દિવસે જ હાજર કરવામાં આવે તે જરૂરી છે. શીલા દીક્ષિત જાણી જોઈને વિલંબ કરી રહ્યા છે. ગુપ્તા તરફથી ઉપસ્થિત થયેલા વકીલ અનિલ સોની અને હરીશ કટિયાલે કહ્યું હતું કે, શીલા દીક્ષિત મામલાને જાણી જોઈને વિલંબમાં મુકી રહ્યા છે. કારણ કે, ભાજપના નેતા સામે કોઈ કેસ ધરાવતા નથી. સુનાવણીની છેલ્લી તારીખે કોર્ટે આજે શીલા દીક્ષિતને હાજર થવા માટે કહ્યું હતું. શીલા દીક્ષિતે ગુપ્તા સામે આક્ષેપ કરીને કહ્યું હતું કે, ભાજપના નેતાએ તેમની સામે ખુબ જ અસભ્ય ભાષાનો ઉપયોગ કર્યો હતો.

## ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટને હાંસલ કરી લઈશું : જેટલી

નવી દિલ્હી,તા. ૩૦

નાણામંત્રી અરુણ જેટલીએ આજે વિશ્વાસ સાથે કહ્યું હતું કે, જીડીપીના આંકડા દર્શાવે છે કે, અર્થતંત્ર રિકવરીના માર્ગ ઉપર આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, જીડીપીના ૪.૧ ટકાના ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટને હાંસલ કરવામાં સફળતા મળી જશે. ઘણા બધા ખાનગી અર્થશાસ્ત્રીઓ પણ માની રહ્યા છે કે, ડેફિસિટ ટાર્ગેટને હાંસલ કરી શકાય છે. જો કે, તેમણે કહ્યું હતું કે, ટેક્સ વસૂલાતની ગતિ ધીમી રહી છે જેના કારણે કેટલીક તકલીફો ઉભી થઈ છે. શુક્રવારના દિવસે આંકડા જારી કરવામાં આવ્યા બાદ આજે પત્રકારો સાથે વાતચીત કરતા જેટલીએ આશા વ્યક્ત કરી હતી કે, જૂનમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં અર્થતંત્ર છેલ્લા બે અઢી વર્ષમાં સૌથી ઝડપથી આગળ વધ્યું છે. મેન્યુફેક્ચરિંગમાં સ્થિતિ ખુબ સુધરી છે. નરેન્દ્ર મોદી સરકારના પગલાના લીધે મેન્યુફેક્ચરિંગમાં તેજી આવી છે. એક સદીના એક ત્રિમાસિક ગાળામાં સૌથી લાંબી મંદીમાંથી રિકવરી થઈ રહી છે. અર્થતંત્ર પાટા ઉપર છે તેવા સંકેત મળી રહ્યા છે. એપ્રિલ-જૂન મહિનામાં જીડીપી વિકાસ દર ૫.૭ ટકાના દરે આગળ વધ્યો છે. અગાઉના ત્રિમાસિક ગાળામાં આ ૪.૬ ટકા હતો. એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર ભારતમાં છેલ્લા બે વર્ષમાં વિકાસદર પાંચ ટકાથી ઓછો રહ્યો હતો. કારણ કે પોલિસી પેરાલિસીસની અસર હતી. પ્રોજેક્ટોમાં વિલંબ થઈ રહ્યો હતો. શ્રેણીબદ્ધ ભ્રષ્ટાચારી કૌભાંડો આવ્યા હતા પરંતુ આ સરકારે કહ્યું છે કે, અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે. ફુગાવાને કાબૂમાં લેવા અને વિકાસની દિશામાં સરકાર પગલા લીધા છે. ફિસ્કલ ડેફિસિટને સ્વીકારી શકાય તેવા સ્તર ઉપર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે ભાજપે સત્તા સંભાળી ત્યારે નિર્ણય લેવાની ક્ષમતામાં ગતિ ખુબ ધીમી



હતી. મૂડીરોકાણકારો આત્મવિશ્વાસ ગુમાવી રહ્યા હતા. પોતાના પ્રથમ બજેટમાં જેટલીએ સ્થિર ટેક્સ વ્યવસ્થાની વાત કરી હતી. આગામી દિવસોમાં સ્થિતિ વધુ સુધરશે. બિઝનેસને સુધારવા માટે પણ પગલા લેવામાં આવ્યા છે. મોટાભાગના ક્ષેત્રોમાં સામાજિક ક્ષેત્રના ખર્ચને જાળવી રાખવામાં આવ્યા છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ફળફળાદી અને શાકભાજીના ભાવ આસમાને છે ત્યારે ખાદ્યાન્ન ફુગાવો ચિંતાજનક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા વારંવાર સરહદ ઉપર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાને વિકાસ અને શાંતિના પ્રયાસોને રોકવાનું કામ કર્યું છે.

## સમાચાર ઝલક

- લોન કૌભાંડ તપાસમાં વધુ રાષ્ટ્રીયકૃત બેંકો સામેલ થતી જાય છે.
- ૧લી સપ્ટેમ્બરથી નવું રેલવે સમયપત્રક અમલી બનશે.
- ૧૮૧ નંબર ઉપર મિસ કોલ કરીને મહિલાઓ મેળવી શકશે મદદ.
- મલેશિયન એરલાઈન ૬૦૦૦ કર્મચારીઓને છૂટા કરશે.
- સાઈના નેહવાલ વર્લ્ડ બેડમિંગ્ટન ચેમ્પિયન શીપમાંથી બહાર.
- પાકિસ્તાન પહેલાં હિંસા બંધ કરે, પછી જ વાટાઘાટો : વડાપ્રધાનશ્રી મોદી.
- કરમસદમાં પ્રોફેસરની પત્નીનો બે માસુમ સંતાનો સાથે આપઘાત - પતિ ગુમ.
- અમદાવાદનો બુટલેગર માથાનો નીકળ્યો પોલીસને લાંચ આપતું શુટિંગ કરી લીધું.
- મહેસણામાં ભાજપ દ્વારા ગુજરાત ભાજપ પ્રમુખ શ્રી ફળદુ તથા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની રજત તુલા કરાઈ.
- ભાવનગરમાં જીવીત વ્યકિતને મૃત જાહેર કરી વીમો પકવવાનું કૌભાંડ પકડાયું.
- ઈસ્લામીક સ્ટેટનું રાક્ષસી કૃત્ય સીરીયાના ૨૫૦ સૈનિકોને સામુહિક ફાંસી.
- સામાજિક કાર્યકર મહિલાને મુંબઈમાં મલાડ વિસ્તારમાં જાહેરમાં નગ્ન કરીને ઢોર માર માર્યો.
- હૈદરાબાદમાં દેશની સૌથી ઊંચી ગણેશજીની ૬૦ ફૂટ ઉંચી મુર્તિને ૫૦૦૦ કિલોનો લાડુનો પ્રસાદ ધરાવાશે.
- રાજકોટમાં સ્ટેટ બેંકના ડેપ્યુટી મેનેજર ૯૭ લાખ રૂપિયાની ઉચાપત કરતાં ઝડપાયા.
- વડોદરા-મુંબઈ હાઈવે પર અકસ્માતમાં કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૩૦૦૦૦ની કેશલેસ સારવાર અપાશે.
- હોલીવુડની પ્રખ્યાત જોડી એન્જેલીના-બ્રાન્ડ પીટે ૬ સંતાનોની હાજરીમાં લગ્ન કર્યા.
- જામનગરના ૭૬ વર્ષના વૃદ્ધશ્રી કનુભાઈ ઓઝાએ ૧૬ લાડવા ૧ કિલો ૬૦૦ ગ્રામના ખાઈને પ્રથમ નંબર મેળવ્યો.
- અપુરતા વરસાદથી ઘઉંની અછત ઉભી થશે. રવિપાક ઉપર નબળા ચોમાસાની અસર પડશે.

## સોનિયા અને રાહુલ ગાંધીએ ઉત્તરપ્રદેશમાં યોજાનારી પેટાચૂંટણી માટે ચૂંટણી પ્રચારમાં ભાગ ન લેવાનો કરેલ નિર્ણય

નવી દિલ્હી,તા. ૩૦

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપ પ્રમુખ રાહુલ ગાંધીએ ઉત્તરપ્રદેશમાં ૧૧ વિધાનસભા બેઠકોની યોજાનારી પેટાચૂંટણી માટે ચૂંટણી પ્રચારમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે કોંગ્રેસના કાર્યકરોમાં નિરાશા ફેલાઈ ગઈ છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ઉત્તરપ્રદેશમાં ઈતિહાસ રચીને ૮૦ બેઠકો પૈકી ૭૦ બેઠકો જીતી લીધી હતી. માત્ર કોંગ્રેસનો જ નહી બલ્કે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીનો પણ સફાયો થયો હતો. ઉત્તરપ્રદેશમાં પેટા ચૂંટણીને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સ્ટાર પ્રચારકોની યાદીમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો નથી. બન્ને સ્વૈચ્છિક રીતે પ્રચાર કરવા તૈયાર થયા નથી. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ તરફથી કોણ પ્રચાર કરશે તેની યાદી તૈયાર કરી લેવામાં આવી છે. ઉત્તરપ્રદેશ પેટાચૂટણીમાં તેના ઉમેદવારો સામે નાણાંકીય તકલીફ પણ જોવા મળી




રહી છે. જે સ્ટાર પ્રચારકોને રોકવામાં આવ્યા છે તે સ્ટાર પ્રચારકો જાહેર સભા યોજવા શુ આયોજન કરશે તેને લઈને ભારે સસ્પેન્સ છે. સ્ટાર પ્રચારકોમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતીના જનરલ સેક્રેટરી મધુસુધન મિસ્ત્રી, નિર્મલ ખત્રી, મોહસીના કિડવઈ, બેની પ્રસાદ વર્મા, દિગ્વિજય સિંહ, રાજ બબ્બર અને નગમાનો સમાવેશ થાય છે. અન્ય સ્ટાર લોકો પણ પ્રચાર કરનાર છે.

કોંગ્રેસ સમિતીના કોમ્યુનિકેશન વિભાગના ચેરમેન સત્યદેવ ત્રિપાઠીએ કહ્યું છે કે સોનિયા અને રાહુલ ગાંધી પેટાચૂંટણીમાં સામાન્ય રીતે પ્રચાર કરતા નથી. માત્ર એક જ વખત રાહુલે વર્ષ ૨૦૦૯માં ફિરોજાબાદની લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં પ્રચાર કર્યો હતો. રાહુલે રાજ બબ્બર માટે એ વખતે પ્રચારમાં ભાગ લીધો હતો. કોંગ્રેસ સામે હાલ ફંડની અછત હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે.

## મમતા બેનરજી સાથે હાથ મિલાવવાની લેફ્ટની ના

કોલકાતા,તા. ૩૦

મમતા બેનરજીએ હાથ મિલાવવાનો સંકેત આપ્યો હોવા છતાં ડાબેરી પક્ષો આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. સીપીઆઈએમ સહિત ડાબેરી પક્ષોએ તૃણમુલ કોંગ્રેસ સાથે હાથ મિલાવવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ ભાજપનો સામનો કરવા હાથ મિલાવવાની વાત કર્યા બાદ ડાબેરીઓએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. સીપીઆઈના નેતા ગુરુદાસ દાસગુપ્તાએ કહ્યું છે કે મમતા બેનરજી સાથે જોડાણ કરવાનો કોઈ પ્રશ્ન નથી. મમતાની નીતિઓ અને રાજકારણના કારણે ભાજપ પશ્ચિમ બંગાળમાં અતિક્રમણ કરવામાં



સફળ રહ્યો છે. જો અમે કોમવાદી ભાજપ સામે લડ્યા હોત તો ફાયદો થયો હોત. અમે અમારી લડાઈને અમારી રીતે આગળ વધારીશું. ડાબેરી પક્ષોમાં ફોરવર્ડ બ્લોક અને આરએસપીનો સમાવેશ થાય છે. આ બંને પક્ષોએ પણ તૃણમુલ કોંગ્રેસ સાથે હાથ મિલાવવાનો સાફ ઈન્કાર કર્યો છે. ફોરવર્ડ બ્લોકના જનરલ સેક્રેટરી દેવવ્રત વિશ્વાસે કહ્યું છે કે, આધાર વગરના નિવેદન અંગે પ્રતિક્રિયા આપવાનો કોઈ મતલબ નથી.

## રોકડ દાન અંગે માહિતી આપવાનો પક્ષોને હુકમ

નવી દિલ્હી,તા. ૩૦

ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને રોકડ દાન અંગે તમામ માહિતી આપવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. ચૂંટણી પંચે સમગ્ર મામલાની નોંધ લઈને એક માર્ગદર્શિકા જારી કરી દીધી છે જેમાં રોકડ દાનની જાહેરાત કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. ચાર્ટર્ડ એકાઉન્ટેડ દ્વારા સર્ટિફાઈડ અને સંપૂર્ણપણે ઓડિટ કરવામાં આવેલા અહેવાલ સાથે વિગત આપવા માટે કહેવામાં આવ્યું છે. રાજકીય પક્ષોને તમામ રોકડ દાન અંગે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. હવે રાજકીય પક્ષોને ચૂંટણી પંચ સમક્ષ યોગદાન અહેવાલ રજૂ કરવા પડશે જેમાં ૨૦ હજારથી વધુના રોકડ દાન અંગે તમામ માહિતી આપવી પડશે. પાર્ટી ફંડમાં પારદર્શકતા અને અસરકારતા જાળવવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

## ટોપ ૧૦૦ની યાદીમાં કોઈ ભારતીય યુનિવર્સિટી નથી

ચેન્નાઈ,તા.૩૦

ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ રેપ્યુટેશન રેન્કીંગની ટોપ ૧૦૦ની યાદીમાં ભારતની ૭૦૦ યુનિવર્સિટી અને ૩૫૫૩૯ કોલેજો પૈકી કોઈની પણ એન્ટ્રી થઈ શકી નથી. આનો મતલબ એ થયો કે શિક્ષણના ક્ષેત્રમાં ભારતીય સંસ્થાઓ ખૂબ પાછળ દેખાઈ રહી છે. ટોપ ૧૦૦ વૈશ્વિક સંસ્થાઓની યાદીમાં ભારતની કોઈપણ યુનિવર્સિટી નથી. ટોપમાં પ્રથમ સ્થાને હાર્ડવર્ડ યુનિવર્સિટી છે જે અમેરિકામાં આવેલી છે. રેન્કીંગમાં આ સંસ્થાએ પ્રથમ સ્થાન જાળવ્યું છે. શરૂઆતની ત્રણ ટોચની યુનિવર્સિટી અમેરિકાની છે જેમાં હાર્ડવર્ડ ઉપરાંત મેસ્સાચુસેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટર્નો સમાવેશ થાય છે. ત્યારબાદ બ્રિટનની કેબ્રીજ યુનિવર્સિટી અને બ્રિટનની ઓક્સફોર્ડ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન મનમોહનસિંહની દૃષ્ટિએ ભારતની સંસ્થાઓ ખૂબ સારી રહેલી છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ (બેંગ્લોર) ભારતીય સંસ્થાઓમાં સૌથી ટોપ ઉપર છે. તે હવે ૨૦૦માં સ્થાન ઉપર છે. ગયા વર્ષે આ સંસ્થા ૧૩૦માં ક્રમે હતી. જ્યારે આઈઆઈટી મુંબઈ ૨૧૦-૨૨૦ના ગ્રૂપમાં છે. આવી જ રીતે આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી કાનપુર ૨૫૦થી નીચેના ગ્રૂપમાં છે. અમેરિકા સૌથી પ્રતિષ્ઠિત સ્થાન શિક્ષણના ક્ષેત્રમાં ધરાવે છે. ટોપ ૧૦૦ યુનિવર્સિટી અને સંસ્થાઓમાં અમેરિકાની ૪૫ સંસ્થાઓ છે. ત્યારબાદ બ્રિટનની ૧૦, જર્મનીની છ, જાપાન અને ઓસ્ટ્રેલિયાની પાંચ-પાંચ સંસ્થાઓ આવેલી છે. ભારત એક માત્ર બ્રિક દેશ છે જેની કોઈપણ સંસ્થા ટોપટેનમાં નથી. ચીન આ યાદીમાં બે સંસ્થાઓ ધરાવે છે જ્યારે બ્રાઝિલ અને રશિયાની એક-એક સંસ્થાઓ આવેલી છે.

## કુપવારા : ત્રાસવાદીઓ સાથે ફરીવાર જોરદાર અથડામણ

શ્રીનગર,તા. ૩૦

જમ્મુ કાશ્મીરના કુપવારા જિલ્લામાં ત્રાસવાદીઓ સાથે ફરી એકવાર ભીષણ અથડામણ થઈ હોવાના અહેવાલ મળ્યા છે. અથડામણમાં એક જવાન શહીદ થયો છે. જ્યારે અન્ય એક જવાનને ઈજા થઈ છે. કુપવારામાં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે આ અથડામણ થતા તંગદીલી ફેલાઈ ગઈ હતી. આ વિસ્તારમાં ચારતી પાંચ ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમી મવ્યા બાદ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. જમ્મુ કાશ્મીરમાં હાલ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવામાં સફળ રહ્યા હોવા અહેવાલ છે. કારણ કે વાંરવાર ત્રાસવાદીઓ તક મળતાની સાથે જ સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરે છે. પાકિસ્તાને હાલમાં યુદ્ધ વિરામનો સતત ભંગ કરીને સરહદ અને નાગરિક વિસ્તારમાં ગોળીબાર કર્યો છે. આ ગોળીબાર દરમિયાન ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવામાં સફળ રહ્યા હોવાનુ જાણવા મળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાશ્મીરમાં અલગતાવાદીઓના વલણ અને ત્રાસવાદીઓની હિલચાલની હાલમાં ઝાટકણી કાઢી હતી.આજે સવારે કરવામાં આવેલા હુમલા બાદ સુરક્ષા દળોએ મોરચા સંભાળી લીધા હતા અને ઓપરેશન હાથ ધર્યું હતુ.